# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

PHONE NO: 02622-225542/43, E-mail- vgsbardoli@gmail.com

**Class : 8- B/D DATE:___________ SUBJECT :GUJARATI – 2L CH:- 15**

---

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેનો ક્રમ-અક્ષરમાં લખો :**

(1) લેખક બીજી વાર બળદગાડીમાં ક્યાંથી ક્યાં આવ્યા?

A. તલોદથી મોડાસા B, ખેડબ્રહ્માથી ઈડર C. મોડાસાથી તલોદ D. ઈડરથી ખેડબ્રહ્મા

(2) ઝાપા આગળ બળદગાડી ઊભી રહેતાં છોકરો શું લઈને કૂદી પડ્યો?

A. પોટલું B. થેલો C. ડબો D. બેંગ

(3) એક આનો ખિસ્સામાં મૂકી છોકરો શું કરવા લાગ્યો?

A. એક આનો પોતે શેમાં ખર્ચશે તેનો વિચાર કરવા લાગ્યો.

B. યુગલને ફરી મળીશું તેમ કહીને સ્ટેશનની બહાર જવા લાગ્યો.

C. જતી ગાડીમાં ચડવા માટે તેની પાછળ દોડવા લાગ્યો.

D. ગાર્ડની સીટી ઉપર ફર-ફર થતી લીલી ઝંડી જોવા લાગ્યો.

(4) પૉર્ટરે છોકરાને કેવી રીતે સ્ટેશનમાસ્તર આગળ ખડો કરી દીધો?

A. બિલાડી ઉંદરને પકડી લાવી હોય એ રીતે

B. વાઘનો શિકાર કરી લાવ્યો હોય એ રીતે

C. બકરીના બચ્ચાને પકડી લાવ્યો હોય એ રીતે

D. નાના બાળકને તેડીને લાવ્યો હોય એ રીતે

(5) છોકરાને બચાવવા ટોળામાંથી પહેલી વાર ભગવાન તરીકે કોણ આવ્યું?

A. જુવાન પુરુષ B. પૉર્ટર C. વીશી ચલાવનાર ભાઈ D. બળદગાડાવાળો

(6) છોકરાને બચાવવા ટોળામાંથી બીજી વાર ભગવાન તરીકે કોણ આવ્યું?

A. વીશી ચલાવનાર ભાઈ B. તેના પિતા C. ચાની કીટલી પરનો નોકર D. બળદગાડાવાળો

(7) કોણે જોરજોરથી રડતા છોકરાને છાતીએ વળગાડયો?

A. પૉર્ટરે B. સ્ટેશનમાસ્તરે

C. વીશી ચલાવનાર ભાઈએ D.બળદગાડાવાળાએ

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) ઝાંપો કેવી જગ્યાએ હોત તો યુગલને મજૂર મળી શક્યા હોત?

ઝાંપો વેરાન જગ્યાને બદલે કોઈક વસતિવાળા વિસ્તારમાં હોત તો યુગલને મજૂર મળી શક્યા હોત

(2) મજૂર ન મળે તો સામાન ઊંચકવામાં મદદ કરવાનું પુરુષે કહ્યું ત્યારે છોકરાએ શું કહ્યું?

મજૂર ન મળે તો સામાન ઊંચકવામાં મદદ કરવાનું પુરુષે કહ્યું ત્યારે છોકરાએ હા કે ના ન કહેતાં ગોળ-ગોળ કહ્યું, 'પેલા કોલસાના ઢગલા આગળ મજૂર હશે કાં તો.

(3) જુવાન ભાઈ ટિકિટ લઈને આવ્યા ત્યારે છોકરાએ શું કર્યું?

જુવાન ભાઈ ટિકિટ લઈને આવ્યા ત્યારે છોકરો ખભે ભરાવેલી પોટલી ઉપર હાથ રાખી ડબામાંથી કૂદી પડયો.

(4) પૉર્ટરે છોકરા પાસે ટિકિટ માંગતાં શું થયું?

પૉર્ટરે છોકરા પાસે ટિકિટ માગતા તેનો આનંદ ગાડીની સીટીની જેમ ક્યાંય લોડી ગયો

(5) સ્ટેશનમાસ્તરે છોકરાને રડતો જોઈ દયા આવતાં શું કહ્યું?

સ્ટેશનમાસ્તરે છોકરાને રડતો જોઈ દયા આવતાં કહ્યું, 'સાચું બોલી જા. ક્યાંથી ગાડીમાં બેઠો હતો? સાચું બોલીશ તો છોડી દઈશ.'

(6) વીશી ચલાવનાર ભાઈ છોકરા પાસેથી કદી રહેવા-જમવાના પૈસા કેમ નહોતા લેતા?

વીશી ચલાવનાર ભાઈ બાવાજીને લીધે છોકરાને પણ દીકરાની જેમ ચાહતા હતા. તેથી તેઓ છોકરા પાસેથી કદી રહેવા-જમવાના પૈસા નહોતા લેતા.

(7) છોકરો ગાડીને 'આવજે આવજે' શા માટે કહેતો હશે?

કોઈ કોઈ માણસો ગાડીમાં જતાં સંબંધીઓને હાથ હલાવી 'આવજો' કહેતા હતા. તેથી બાલસહજ સ્વભાવથી છોકરો ગાડીને 'આવજે આવજે' કહેતો હશે. 6. નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો:

(1) છોકરો શા માટે મદદ કરવા તૈયાર થયો?

અજાણ્યા યુગલે છોકરાને સામાન ઊંચકવાની મદદ કરવા આગ્રહ કર્યો. વળી ગાડીવાળાએ પણ એ ભલાઈનું કામ કરવાના બદલામાં રાજી કરવાની વાત કરી, ત્યારે છોકરો 'એક પગ ભલાઈમાં અને બીજો પગ પૈસામાં' એમ વિચારીને મદદ કરવા તૈયાર થયો.

(2) છોકરાએ 'હું ગાડીમાંથી નથી ઊતર્યો.' કહ્યું ત્યારે પૉટરે શું કહ્યું?

છોકરાએ ‘હુ ગાડીમાંથી નથી ઊતર્યો.' કહ્યું ત્યારે પૉર્ટરે કહ્યું, 'અલ્યા, વેંત જેવડો થઈને મને બનાવવા નીકળ્યો છે! એક આનો શું દેખાડે છે? ખભે ભરાવેલી આ પોટલી જો ને!"

(3) છોકરાની વાતમાં વિશ્વાસ ન આવતાં સ્ટેશનમાસ્તરે ગુસ્સે થઈ શું કહ્યું?

છોકરાની વાતમાં વિશ્વાસ ન આવતાં સ્ટેશનમાસ્તરે ગુસ્સે થઈ કહ્યું, 'જ્યાં છોકરાની પોતે મુસાફરી નહીં કર્યાની વાત પૉર્ટરે ન માની. સ્ટેશનમાસ્તર પણ છોકરા ઉપર ગુસ્સે થયા. એવામાં લોકોના ટોળામાંથી એક જણે કહ્યું: 'અલ્યા

છોકરા, સાચું બોલી જા, સાહેબ માફ કરી દેશે.' આવી સ્થિતિમાં એકલો અને અવઢવમાં પડેલો છોકરો સ્ટેશનમાસ્તર સામે ઢીલો પડવા લાગ્યો.

(3) બળદગાડાવાળાએ 'છોકરો સાચું કહે છે' તેમ કહ્યું ત્યારે પૉર્ટરે શું કહ્યું?

બળદગાડાવાળાએ 'છોકરો સાચું કહે છે' તેમ કહ્યું ત્યારે પૉર્ટરે કહ્યું, 'બોલો ભાઇ, આપણે બધા નજરે જોનારા ખરા કે આ બનાવટી ગાડીવાળો ખરો? આ છોકરાને રોતો જોઈને દયા તો અમનેય આવે છે, પણ સાહેબ એને માફ કરવાનું કહે છે તોય એ ક્યાં સાચી વાત કરે છે? અમે બધાંએ એને ગાડીમાંથી ઊતરતો અને આ એના કો'ક સગાને 'આવજો' કહેતો નજરે જોયો. એ ખોટા ને તું ખોટને સાચો કહે છે.

**વ્યાકરણ**

**3. નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો:**

(1) યૂગલ - ___________ (2) મજુર - ____________ (3) ઊપાડવું - ___________

(4) પોટલૂ - ___________ (5) પુરુષ - ____________ (6) વિધારથી - ___________

(7) ટીકીટ - _____________ (8) શીકાર – __________ (9) ડુસકા - ___________

(10) જુનો - ________

**4. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો:**

(1) આવ્યા x ___________ (2) બંધ X _________ (3) અમારી x __________

(4) વધારે x ____________ (5) વેરાન X __________ (6) ભલાઈ x __________

(7) ઊતરવું x ___________ (8) બહાર X __________ (9) સાચો x ___________

**5. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો:**

(1) ઓછું આવવું - દુઃખ થવું

વાક્ય : કડી મહેનત છતાં, રાજનનું ધાર્યું પરિણામ ન આવ્યું તેનું તેને ઓછું આવ્યું.

(2) ધૂળ પર લીંપણ -પ્રયત્નો નિષ્ફળ જવા

વાક્ય: મયંકને કોઇ નવા ધંધામાં પૈસા લગાવવાની તેને ઘણી વાર મનાવ્યું, પરંતુ તે ધૂળ પર

(3) ગળે ટાંટિયા ભરાવવા - મુશ્કેલ સ્થિતિમાં મુકાવવું

વાક્ય : મજૂર સમયસર ન પહોંચ્યા તેથી શેઠના ગળે ટાંટિયા ભરાઈ ગયા.

((4) પગ ભાંગી પડવા – હિંમત ખૂટી જવી

વાક્ય : અકસ્માતમાં માતા-પિતા ગુમાવતા નયનના પગ ભાંગી પડયાં.

(5) પાટે ચઢી જવું – યોગ્ય સ્થિતિમાં આવવું

વાક્ય : રાજનને સારી નોકરી મળતાં તેનો પરિવાર પાટે ચડી ગયો.

(6) તડાકો પડવો – એકાએક લાભ થવો

વાક્ય : પિતાએ આનંદીને પ્રવાસમાં જવાની ના પાડી પરંતુ દાદાજી એ પ્રવાસની ફી ભરી દીધી. એટલે આનંદીને તો તડાકો પડી ગય

(7) કળ વળવી – નિરાંત થવી.

વાક્ય :બેભાન થઈ ગયેલા યુવાનના ચહેરા પર પાણી છાંટ્યું તેથી તેને કળ વળી.

(8) તલપાપડ થવા લાગ્યાં – અધીરો થવા લાગ્યાં

વાક્ય પ્રવાસની વાત સાંભળતાં જ બાળકો તલપાપડ થવા લાગ્યાં.

(9) આંખ કાઢવી - આંખ ઊંચી કરી ડરાવવું

વાક્ય :બાળકોની ધમાલથી કંટાળીને શિક્ષકએ બાળકો સામે આંખ કાઢી.

**6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવીને લખો :**

(1) ઢગલો, કોલસો, આગળ, મજૂર

______________________________________________________________________________

(2) ઝાંપો, વેરાન, મુશ્કેલ, ભલાઈ

______________________________________________________________________________

(3) સીટી, સ્ટેશન, ચવાણું, ટિકિટ

______________________________________________________________________________

(4) ઊતર્યાં, ઊલટો, આગળ, સોગન

______________________________________________________________________________